# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251



## સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ચગ્યો'તો વર્ષોથી આભે, કોરોનાથી કપાઈ ગયો!
મારી ખૂબ ગૂલાંટો પણ કોરોનાથી દબાઈ ગયો -
છવાઈ ગયો સન્નાટો ધાબે, મૌન દેકારા કાઈપો ના-
પતંગ સરકારી ઝાડી-ઝાંખરામાં ખોવાઈ ગયો
(ગાઈડલાઈનનું કાંટાળું વન)

### હાઈકુ

મનાઈ તાપે,
પડી ગયો પવન -
આકાશ સૂનું!

થઈ ગૈ ગૂંછ -
ફરી નહીં ફીરકી
નડયા નિયમો!

## ચિંતન

**સુખ-દુ:ખ દોનોં સમ કરિ જાનૈ ઔર માન અપમાના ।**
**હર્ષ શોક તે રહે અતીતા, તિન જગ તત્વ પિછાના ॥**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

અહીં કબીર માનથી મુક્ત થવાનું અને સુખદુ:ખ થતા માન અપમાન ને સમાન ગણવાનું સૂચવે છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે આવું થાય કેવી રીતે અને ઉત્તર એ જ છે કે અંદરના ખાલીપાથી મુક્ત થવાથી જ માન-અપમાન અને તજજન્ય સુખદુ:ખથી મુક્ત થઈ શકાય છે.

હવે પ્રશ્ન એ છે કે આપણા જીવનમાં આ માનદાયક અને અપમાનજનક પ્રસંગો આવે છે શા માટે? તેમનું પણ મૂલ્ય છે, હા તેમનું પણ જીવનમાં વિધાયક મૂલ્ય છે. નિંદા, અપમાનજનક શબ્દો, અપમાનજનક વ્યવહાર થાય છે. ત્યારે આપણને આપણી અંદર રહેલા ખાલીપાની જાણ કરવા માટે જ કુદરત આપણા જીવનમાં આ અપમાનજનક ઘટનાઓ મોકલે છે. આવી ઘટનાઓ આવે જ નહિં, તો આપણને આ આપણા અંદરના ખાલીપાની જાણ કેવી રીતે થાય. તેથી વસ્તુતઃ આપણે નિંદા કરનાર, અપમાન કરનારનો મનોમન આભાર માનવો જોઈએ કે આપણને આપણી અંદર રહેતા આંતરિક ખાલીપાની જાણ કરી. આપણને આપણા રોગની જાણ થાય તો જ તેમાંથી મુક્ત થઈ શકીએ ને!!

## સુવિચાર

- આત્મીયતાની એક નજર પીડિત હૃદય માટે કુબેરના ભંડાર કરતાં પણ ઘણી કિંમતી છે - **સંત રોબિન**
- વિષયુક્ત તૃષ્ણા જેને પકડી લે છે તે માનવીનું દુ:ખ જંગલી ઘાસની માફક સતત વધતું રહે છે - **ભગવાન બુદ્ધ**
- તૃષ્ણાની આગ સંતોષના રસને બાળી નાખે છે - **યોગવશિષ્ઠ**
- વાદળ આવતાં કોયલ મૌન રહી એ સારું કર્યું, જયાં દેકડાઓનો અવાજ થતો હોય ત્યાં મૌન જ શોભે - **હરિભાઈ ઉપાધ્યાય**
- તમારી નિરાશાનું કારણ એ જ છે કે તમે તમારા પોતાના સુખને માટે જ જીવવા માગો છો - **ટોલ્સટોય**
- જિંદગી એક શતરંજ છે, વિચારશીલ મનુષ્ય જ એને જીતી શકે છે - **ચાર્લ્સ બકસટન**
- આજનું ઔષધ : લીલી હળદર અને મૂળા સલાહમાં સાથે લેવાતી હરસમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

## બોધકથા

એક સમ્રાટને બહાદુર અને ચતુર સેનાપતિની જરૂર હતી. આ કામ તેણે પોતાના એક ખાસ જાદુગરને સોંપ્યું. જાદુગર સૈન્યમાંથી ત્રણ બહાદુર સૈનિકોની પસંદગી કરી. ત્રણમાંથી એકની પસંદગી કરવા એણે એક વિશિષ્ટ કસોટી ગોઠવી. ત્રણે સૈનિકોને એક વિશાળ ખેતરમાં લાવ્યા. ખેતરને સામે છેડે એક ભોંયરું હતું. જાદુગરે ત્રણેયને સૂચના આપતાં કહ્યું, વારાફરતી તમારે સામેના ભોંયરામાં જે કંઈ છે તે લઈ અહીં આવવાનું છે. પ્રથમ ઉમેદવાર ભોંયરા તરફ આગળ વધ્યો અચાનક વાવાઝોડું આવ્યું. ગાજવીજ શરૂ થઈ. ધરતી ધ્રૂજી. પહેલો ઉમેદવાર હેબતાઈ ગયો અને અડધે પહોંચતા જ બેભાન થઈ ગયો. હવે બીજાનો વારો હતો. તે આગળ વધ્યો. અને જમીન ફાટી, ભયાનક અવાજો આવવા લાગ્યા. વીજળી ચમકી એક ઝાડમાં આગ લાગી અને ઝાડ પડી ગયું. આ દશ્યો જોઈ બીજો પણ ઢેર થઈ ગયો. હવે ત્રીજાનો વારો આવ્યો. પેલા બે જણને અડધે જ હારેલા જોઈ તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. પગ ધ્રુજતા હતા પણ બીજા બધા ભય કરતાં 'પોતે ભયભીત થઈ ગયો છે એ સમ્રાટને ખબર પડી જશે તો ?' આવો ભય તેને વધુ સતાવતો હતો. ધીમે ધીમે તે આગળ વધ્યો. મનમાં રટણ શરૂ કર્યું. 'હજુ સુધી તો હું ઠીક છું.' પગલે પગલે સ્વગત બોલતો રહ્યો. 'હજુ સુધી તો હું ઠીક છું.' છવટે તે ભોંયરાં સુધી પહોંચી ગયો. દરવાજો ખોલતાં જ વાવાઝોડું શમી ગયું. 'અંદર એક સફેદ ઘોડો હતો. તે લઈને ઘોડેસવાર થઈ સમ્રાટ પાસે આવ્યો.' સમ્રાટે પૂછ્યું, 'વીર, કેમ લાગે છે?' સૈનિકો કહ્યું, 'મહારાજ, હજી સુધી તો હું ઠીક છું.' સાર એ છે કે એક એક પગલું જ યાત્રા છે. આ એક પગલાંનું સામર્થ્ય જે પ્રાપ્ત કરી લે છે તેના માટે દસ હજાર માઈલ પણ 'નજીક' છે.

# મકરસંક્રાતિને કરૂણાપર્વ બનાવીએ

## તંત્રીસ્થાનેથી...

સૂર્યની મકરસંક્રાન્તિ એ રાષ્ટ્રનાં સૌથી પવિત્ર પર્વો પૈકીનું દશાંગુલ ઉફરું પર્વ છે. એ અદલ ખગોળ વિજ્ઞાનને અનુસરતું હોઈ જાન્યુઆરી માસની ચૌદમી તારીખે જ ઊજવાતું રહ્યું છે. પંજાબ-હરિયાણામાં એ 'લોહડી' તરીકે અને દક્ષિણ ભારતમાં 'પોંગલ' નામે ઊજવાય છે. સૃષ્ટિ પરના જીવનના મૂળમાં સૂર્ય છે. ખગોળશાસ્ત્રીઓએ એને ધબકતા વાયુઓના ગોળા તરીકે ઓળખી તારો ગણેલ છે જેની આસપાસ પૃથ્વી સહિતના ગ્રહો ફેરફુદરડી ફરી રહ્યા છે. જયોતિષ શાસ્ત્રની દષ્ટિએ સૂર્યને પણ ગ્રહ માનવામાં આવે છે. જે દરેક જાતકના જીવન પર આત્માના કારક તરીકે આજીવન હાવી રહે છે. મકર રાશિમાં સૂર્યનો પ્રવેશ એ બ્રહ્માંડની માંગલિક ઘટના છે. એનો મહિમા પણ અવર્ણનીય છે. સ્વેચ્છામૃત્યુનું વરદાન ધરાવતા ભીષ્મ પિતામહે દેહ છોડવા માટે મકર સંક્રાતિની રાહ જોઈ હતી. આ દિવસો મૃત્યુ પામનાર જન્મમરણના ફેરામાંથી ઉગરી જાય છે અને મોક્ષ પામે છે એવી પરંપરાગત માન્યતા છે. એ શૂભકાર્યો માટેનો શ્રેષ્ઠ દિવસ ગણાય છે. અખાત્રીજ, વિજયાદશમી, ધનતેરસ અને લાભપાંચમની જેમ એ કોઈ પણ કાર્યના શુભારંભ માટેનું વણજોયેલું મુહુર્ત છે. આ વખતની મકર સક્રાંતિ કદાચ કોરોનાનો વિદાય સમારંભ બની રહે એવી સંભાવના છે. આખું વરસ જે વાઈરસના ખોફ નીચે પસાર થયું એનું સંક્રમણ કુદરતી રીતે પણ ઘટી રહ્યું છે અને બરાબર મુહૂર્ત સાધીને જ આપણી કેન્દ્ર સરકારે ઠેકઠેકાણે તકેદારીપૂર્વક રસીનો જથ્થો પહોંચાડવાની શુભ શરુઆત કરી દીધી છે. રસીકરણ શરૂ થઈ જતાં કોરોના સંક્રમણ સામેનું એક સુરક્ષાકવચ મળી રહેશે અને વિવિધ ક્ષેત્રોમાં ખોરવાયેલી પ્રવૃત્તિઓ ફરી બમણા વેગે ધમધમતી થઈ જશે. આપણે આ પુનિત પર્વે જાગતા જોગંદર - પ્રત્યક્ષ દેવતા સૂર્ય ભગવાનને એ માટે સામૂહિક પ્રાર્થના કરીએ.

મકરસંક્રાંતિ સાથે જ ઉત્તર ભારતમાં લાંબા સમયથી ચાલી રહેલ ખેડૂત આંદોલનનો પણ સમાધાનપૂર્વક અંત આવે એવી શક્યતા ઊભી થઈ છે. કેન્દ્ર સરકાર અને આંદોલનકારી નેતાઓ વચ્ચે દેશની સર્વોચ્ચ અદાલતે હસ્તક્ષેપ કરીને બેઉ પક્ષોને સાંભળી રિપોર્ટ તૈયાર કરવા ચાર મહાનુભાવોની સમિતિ રહી છે, જેના પરામર્શ પરથી નવા કૃષિ કાયદાઓ સંદર્ભે સરકાર અને ખેડૂતો વચ્ચે સમાધાનની ભૂમિકા રચી શકાશે. મકર સંક્રાતિ સવિશેષ ગુજરાતમાં તો 'પતંગ મહોત્સવ' જ બની રહે છે. પતંગ એ માનવીની ઊર્ધ્વ ચેતનાનું પ્રતિક છે. એના પગ ભલે ધરતી પર હોય પણ નજર આકાશમાં ઊંચાઈ તાકે છે. ઊર્ધ્વ ચેનતાના ઉડ્ડયનનું આ પુણ્યપર્વ આબાલવૃદ્ધ આખો દિવસ મકાનોનાં ધાબાં પર ચઢી પતંગો ઉડાડવામાં પસાર કરે છે. એ આનંદ અને ઉલ્લાસમાં શેરડી, બોર અને ચીકીની મીઠાશ ભળતી રહે છે. 'એ કાપ્યો -' ની કિકિયારીઓ સંભળાતી રહે છે. આ આનંદોલ્લાસના અતિરેકમાં કયારેક કોઈ ધાબા પરથી પટકાઈ જાય છે તો કયારેક ચાઈનીઝ દોરી કોઈ પદયાત્રી કે સ્કૂટર સવારનું ગળું રહેંસી નાખે છે. નિર્દોષ પંખીઓ અડફેટે ચડી જાય છે અને એમની પાંખો કપાઈ જતાં કરુણ દશ્યો સરજાય છે આ બધી બાબતો મકર સંક્રાંતિના પવિત્ર પર્વને લોહિયાળ બનાવી દેતા હોય છે. આપણે આ બધાથી વાકેફ રહી પતંગ ઉડાવવાની મજા માણીએ અને ઉત્તરાયણને નિર્દોષ જીવોના લોહીથી ખરડાવા ન દઈએ તે જરૂરી છે. ગુજરાત સરકારના 'કરુણા અભિયાન'ને ખરા અંત:કરણથી સફળ બનાવીએ. ફરી એક વાર આ સંક્રાંતિ પર્વ પુણ્યદાનના પર્વની સાથે જ 'કરુણા પર્વ' બની રહે અને 'કોરોનાનું વિદાય પર્વ' નીવડે એવી સૂર્યદેવને અંત:કરણની અભ્યર્થના.

॥ ૐ સૂર્યાય નમઃ ॥

# પતંગ અને માણસ



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

આજે ઉત્તરાયણ છે, આજના દિવસે સૂર્ય ઉત્તર દિશામાં ગમન કરે છે. આજના દિવસને મકરસંક્રાંતિ પણ કહેવાય કેમ કે આજે સૂર્ય મકર રાશિમાં સ્થાનાંતર કરે છે.

ઉપર જણાવ્યું એ બધુંય વરસો લગી સ્કૂલમાં પૂછાતા નિબંધમાં લખેલું. એ બધું સાચું પણ હવે મારા માટે આજનો દિવસ એટલે પતંગ, પતંગ અને પતંગ! પતંગ સિવાય બીજું કંઈ જ નહીં. કોઈ કહેશે ચીક્કી, કોઈ કહેશે ઉંધીયું જલેબી હું કહીશ, તમારે તમારા પેટની જ ચિંતા કરવાની છે? ક્યારેક તો મનની ચિંતા કરતાંય શીખો. ચીકી બારેમાસ ખવાય જ છે. ઉંધીયું શિયાળો છે ત્યાં સુધી બનતું રહેવાનું પણ પતંગ...એને ઉડાડવાનો મોકો, ઓલી 'એ લપેટ...' ને "કાયપો છે..." ની બૂમો અને એના માટેની જ સ્પેશિયલ રજા છેક વરસ પછી ફરી મળશે.

એ દિવસે ધાબે ચઢેલા જુવાનિયાઓને પૂછજો, ખાવું જરૂરી કે પતંગ ઉડાડવું, સોમાંથી પંચાણું જણા પતંગ પર જ પસંદગીનો કળશ ઢોળશે અને જે પાંચ બાકી રહી ગયા તે એ મહાનુભાવો છે જેમને કેટલાય પ્રયત્ન કરવા છતાં પતંગ ઉડાડવાનું ક્યારેય ફાવ્યું જ નથી.

વિજ્ઞાન કહે છે, ઉત્તરાયણની રાત વરસની સૌથી લાંબી રાત હોય છે. ઘડિયાળ લઈને સમય માપો તો એ બિલકુલ સાચું છે પણ લોકોની ધીરજને ગણતરીમાં લો તો ઉત્તરાયણની આગલી રાત સૌથી લાંબી હોય છે. કેમેય કરીને પસાર જ ના થાય... નાના બાળકો રાતના ઘડી ઘડી જાગી જતા હોય, એમની મમ્મીને પૂછ્યા કરતા હોય, 'સવાર પડી ગઈ? હું પતંગ ચગાવા જાઉં?' ક્યાંક અડધી, પોણી રાત સુધી મિત્રો સાથે મળીને પતંગને કીન્યા બંધાતી હોય. ક્યાંક ફોન પર ચર્ચા ચાલતી હોય. આગળના દિવસે કોનો પતંગ આકાશમાં દેખાવો જ ના જોઈએ, જેવો ઉપર ઉઠે કે તરત કાપી જ નાંખવાનો એવા પ્લાનિંગ થતાં હોય. કોઈ કોઈ જગ્યાએ બે જુવાન હૈયા સવારે સૂરજની પહેલી કિરણ ઊગે એ સાથે જ ધાબા પર મળવાના કોલ આપતા હોય ત્યાં એમની રાત કેમની પસાર થવાની...

સવાર પડતાં જ હું ઉપર આવી ગયો છું તું ક્યારે આવીશ એ જાણવા કૉલ કરી પૂછી શકાય પણ એમ ઉત્તરાયણની મજા થોડી આવે. પેલો કે પેલી મોડી રાત સુધી જાગીને વહેલી સવારે જરાક ઊંઘમાં સરી રહ્યા હોય ત્યારે જ કાન ફાડી નાખે એવા ઊંચા અવાજે એના ઘરે તમારું વગાડેલું ગીત પહોંચી જાય. એય ઉઠતા વેત એ ગીતના તાલે ઝૂમી ઉઠે અને બાથરૂમમાં ઘૂસ્યા પહેલા ધાબાની મુલાકાત લેવા આવે એને જ કળિયુગમાં ઉત્તરાયણની સવાર કહી છે.

ખરું જુઓ તો પતંગ અને માણસોમાં ઘણી સામ્યતા છે, રંગભેદ ને બાદ કરતાં. જોકે હવે થોડા વરસો બાદ માણસોય લાલ-લીલા-પીળા રંગમાં જોવા મળે તો નવાઈ પામવા જેવું નથી. આ જુઓને વાળમાં બધા કેવા કેવા રંગ કરાવે છે એમ પછી શરીરે પણ કરાવશે. કોઈ પારખું પતંગબાજને જોજો પતંગ હાથમાં લેતાં, એનો ઢઢ્ઢો પકડી સહેજ હલાવીને કહી દે કે પતંગમાં કેટલો દમ છે જેમ કે કોઈ છોકરાને રમતો જોઈ એને પહેલીવાર મળેલા વડીલ કહી દે આ તમારું નામ રોશન કરશે.

કેટલાક પતંગ સીધી રીતે ના ચગે ક્યારેક એનો ઢઢ્ઢો પકડીને થોડોક વાળવો પડે, ક્યારેક એને માથે ઘસવો પડે, કેટલાકને છેડે કોઈ વધારાનું વજન લટકાવીને એને ઉડતો કરવો પડે. આવું જ માણસોમાં પણ નથી બનતું? કેટલાક તોફાની છોકરાઓને સારો શિક્ષક શિક્ષા કરીને કે સમજાવીને સીધા કરી દે અને જે શિક્ષકના સુધાર્યા ના સુધરે એમને જીવનરૂપી શિક્ષક નવો પાઠ ભણાવી જાય.

ક્યારેક આકાશ આંબવા મથતા પતંગને કોઈક ઈર્ષાળુ જીવ પેચ લગાવીને કાપી નાખે ત્યારે દુ:ખ થાય જેમ કે, કોઈ સફળ થઈ રહેલા માણસને બીજા ઈર્ષાળુ લોકો પછાડી દે. વાત પતંગની હોય કે માણસની જેવો ઊંચાઈ પર પહોંચે એવો લોકોની આંખની ખૂંચવા લાગે!

જમીન પર પડેલો, ફાટેલો, ગુંદર પટ્ટી લગાડેલો પતંગ વધારે મૂલ્યવાન ગણાય છે કેમ કે ખબર હોય કે આ એક વખત આકાશ આંબીને આવ્યો છે. એવા પતંગની સરખામણી હું મારી આસપાસ રહેલા કેટલાક વૃદ્ધ માણસો સાથે કરું છે જે હાલ ભલે નિવૃત્ત થઈ ગયા પણ એમનોય એક ભવ્ય ભૂતકાળ હતો.

અમસ્તું,

**પતંગ ભલે આપણો રહ્યો, એ એકવાર ઉડાન ભરે પછી કંઈ નક્કી નહીં, એવું જ આપણા મનનું પણ...**

@kapadianiyati

# પતંગના હવામાં ઊંચે ઉડવા સાથે બેલેન્સ - સમતોલનનું વિશેષ મહત્વ આપણી સમજમાં આવે છે

આજે ઊતરાયણ...

લાંબા સમય પછી કોઈ તહેવાર ઊજવણીનો ઉમંગ વાતાવરણમાં વર્તાઈ રહ્યો છે. ચલો, કોઈક બહાને તો રંગીની છવાશે. ઉદાસીના અંધકારને હડસેલવા આપણે આજે ઊતરાયણની રંગીનીને આપણા દિલો-દિમાગ પર છવાવા દઈએ. આ તહેવારની રૂડી વાત એ છે કે આ તહેવારને કોઈ ધર્મ સાથે લેવાદેવા નથી. ધર્મ નિરપેક્ષતા આ તહેવારની સૌથી વિશેષ બાબત છે. ભારત સરકાર દ્વારા ઉત્તરાયણને રાષ્ટ્રીય તહેવાર પણ જાહેર કરાયેલો છે. આમ ઊતરાણની ઊજવણીને પ્રોત્સાહન સાંપડે છે.



આપણે વર્ષો થી પતંગ ચગાવીએ છીએ...કેટલીવાર વિચાર આવતો કે પતંગ કેમ ? ૧૪ મી જાન્યુઆરી એજ કેમ ? પણ ક્યારેય જવાબો મળ્યા નહોતા. આજે જવાબો મેળવવાની મથામણ અબીલ-ગુલાલને આભારી છે....

જાણકારી પ્રમાણે પતંગની શરૂઆત ચીનમાં આશરે ત્રણ હજાર વર્ષ પહેલાં થયેલી. ભારતમાં પતંગ ઊડાવવાનો પુરાવો ઈ.સ. ૧૫૦૦ માં મોગલકાળ દરમ્યાનના એક ચિત્રમાં જોવા મળ્યો હતો.

આજની વાત કરીએ તો આજે ચીન થી લઈને કોરિયા સુધી અને સમગ્ર એશિયામાં જુદા-જુદા પ્રકારની પતંગો પ્રચલિત છે. અત્યારે ભલે પતંગ મોજશોખ માટે ચગાવાય છે. પરંતુ તેની શોધ ગંભીર કાર્યો માટે થઈ હતી. ભૂતકાળમાં તેનો ઉપયોગ હંમેશા કટોકટી, યુધ્ધ કે સંશોધન માટે થતો રહ્યો છે.

- અઢારમી સદીમાં પતંગનો ઉપયોગ ફોટોગ્રાફી કરવા પણ થયો હતો.
- એવું કહેવાય છે કે પહેલાં યુધ્ધ વખતે કે કટોકટી દરમિયાન સંદેશા મોકલવા કે, બે સ્થળો વચ્ચેનું અંતર માપવા કે પવનની દિશા અને ઝડપ જાણવા પતંગનો ઉપયોગ થતો.
- આ ઉપરાંત પતંગ ચગાવી તેની મદદથી ઉષ્ણતામાન માપવાનો પ્રયોગ પણ ભૂતકાળમાં કરવામાં આવ્યો છે. પતંગની મદદથી વૈજ્ઞાનિકો એ ગાડી દોડાવ્યાનો ઉલ્લેખ પણ વાંચવા મળે છે. પતંગની મદદથી ચાલતી બોટે ઈંગ્લિશ ચેનલ પાર કર્યાની વાત પણ ઈતિહાસમાં છે.
- પતંગનો ઉપયોગ ચીન-કોરિયા-જાપાનમાં જાહેર ખબર માટે કરવામાં આવતો

ઉત્તરાયણ ૧૪ મી જાન્યુઆરી એજ કેમ એ પ્રશ્નનો જવાબ શોધતા જાણવા મળ્યું કે ૧૯૭૬ માં એ ૧૫ મી એ ઉજવાઇ હતી. આવું થવાનું કારણ એ કે લગભગ ૭૦ થી ૭૨ વર્ષમાં એક તારીખનું પરિવર્તન થાય છે. આજ થી કેટલાય વર્ષો પહેલાં આ તહેવાર અનુક્રમે ૧૩,૧૨,૧૧ જાન્યુઆરીએ ઉજવાયો છે. વાર્ષિક ભ્રમણમાં પૃથ્વી વર્ષે એક અંશ ચાલે છે. જેમ-જેમ અંતર વધતુ જશે તેમ-તેમ મકરસંક્રાંતિ ૧૫,૧૬,૧૭ જાન્યુઆરીએ પણ આવશે.



## અબીલ-ગુલાલ

મમતા રાવલ

આપણા દેશમાં ઉત્તરાયણને મકરસંક્રાંતિ નામથી પણ ઓળખવામાં આવે છે. સૂર્ય એક રાશિ માંથી બીજા રાશિમાં સ્થાનાંતર કરે એને સંક્રાંતિ કહે છે. વર્ષમાં કુલ આવી બાર સંક્રાંતિઓ થાય છે. પરંતુ સૂર્ય ધન રાશિ માંથી મકર રાશિમાં સ્થાનાંતર કરે ત્યારે મકરસંક્રાંતિ શરૂ થાય છે. જે ૧૪ જાન્યુઆરી આસપાસ થાય છે. આજ દિવસો દરમ્યાન અન્ય એક ખગોળીય ઘટના ઘટે છે જેમાં સૂર્ય પોતાની પરિભ્રમણની દિશામાં પરિવર્તન કરી થોડો ઉત્તર દિશા તરફ ખસે છે. માટે આ દિવસ ઉત્તરાયણ તરીકે ઓળખાય છે આ ઉત્તરાયણનો પ્રારંભ ૨૧-૨૨ ડિસેમ્બરથી થાય છે. ઉત્તરાયણે દિવસે, દિવસ-રાતના કલાકો સરખા હોય છે.

આપણે ગુજરાતમાં ઊંધિયું-જલેબી, તલપાપડીની જયાફત સાથે પતંગ ચગાવી ઊતરાયણ મનાવીએ છીએ. જ્યારે તામિલનાડુમાં મકરસંક્રાંતિ ને પોંગલના રૂપમાં લોકો ઉજવે છે. આ ખેડૂતો નો તહેવાર છે. ત્રણ દિવસના આ તહેવારોમાં બીજા દિવસે લક્ષ્મીની પૂજા અને ત્રીજા દિવસે પશુધન પૂજા કરવામાં આવે છે. શીખ પરિવારો આ પર્વ ને લોહરી તરીકે ઊજવે છે. ૧૩ જાન્યુઆરી એ દરેક પંજાબી પરિવાર ઉત્સાહ પૂર્વક આ પર્વ મનાવે છે. મહારાષ્ટ્રમાં આ દિવસે મહિલાઓ પતિના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરે છે. હિમાચલમાં લોહરી, બિહારમાં સંક્રાંતિ, આસામમાં ભોગાલી બિહુ તરીકે ઊજવાય છે. નેપાળમાં આ દિવસે ' માઘી હ્વ ઉત્સવ મનાવાય છે. દુનિયાના અન્ય દેશોમાં પણ તહેવાર સ્વરૂપે એ ઊજવાય છે.

મકરસંક્રાંતિનો મહાત્મ્ય પરિવર્તન, એટલે કે જુનું ત્યજીને નવું અપનાવવાનો સમય છે. આ દિવસે દાનનો વિશેષ મહિમા છે. ભારતમાં પણ અલગ-અલગ પ્રાંતમાં પરંપરા પ્રમાણે દાન પુણ્ય કરવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસથી સૂર્યનું તેજ વધે છે. અને તે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં પ્રવેશે છે. ઋગવેદમાં સૂર્ય માટે ' પતંગ હ્વ શબ્દ વપરાયો છે. પ્રાચીન ગ્રંથો મુજબ સૂર્ય ઉપાસના અમંગળ, દરિદ્રતા અને રોગ હરી લે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ આ સંક્રાંતિમાં સૂર્યપૂજા-ઉપાસનાનું મહત્વ રહેલું છે. મહાભારતમાં ઉલ્લેખ પ્રમાણે ઈચ્છામૃત્યુનું વરદાન પામેલા ભીષ્મએ મકરસંક્રાંતિમાં દેહ છોડવાનું પસંદ કર્યું હતું. આમ ઉત્તરાયણનો દિવસ ભીષ્મ દેહોત્સર્ગ પર્વ તરીકે પણ ઉજવવામાં આવે છે.

આ વર્ષે આપણે ત્યાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન નથી થઈ રહ્યું. ક્યારેક તક મળે તો આ પતંગોત્સની મુલાકાત લેશો તો પતંગની દુનિયા વિશે ઘણું નવું જાણવા મળશે. કોરોના એ આ વર્ષની અનેક ઊજવણી બગાડી છે. ઉત્તરાયણમાં પણ થોડો સંયમ અને તકેદારી ચોક્કસ જરૂરી છે, એ યાદ રહે.

પતંગનો ઈતિહાસ માનવ વિકાસની સગવડો વધારવાનો, તેને મદદ કરવાનો પુરાવો આપતો રહ્યો છે. પતંગના હવામાં ઊંચે ઉડવા સાથે બેલેન્સ-સમતોલનનું વિશેષ મહત્વ આપણી સમજમાં આવે છે. જીવનમાં સમતોલન સાધનાર ઊંચી ઊડાન ભરી શકે છે. આપણે પતંગમાંથી પ્રેરણા લઈ સ્વપ્નો સાકાર કરી શકીએ એજ શુભેચ્છા.

હેપ્પી ઉત્તરાયણ....

# મારા ગગનમાં આજે એનોખો પ્રસંગ છે, કિરણોની દોર છે ને સૂરજ પતંગ છે

**મારા ગગનમાં આજે એનોખો પ્રસંગ છે,**
**કિરણોની દોર છે ને સૂરજ પતંગ છે.**
**- ગૌરાંગ ઠાકર**

● ● ●

૧૪ જાન્યુઆરી.... ઉત્તરાયણ.

Uttarayan - Also Known as Makar Sankranti...

ગુજરાતની ઉત્સવપ્રિય જનતાનો પ્રિય તહેવાર... નોંખુ-અનોખું આનંદ પર્વ. વર્ષભર આવતા નોંખા-ન્યારા તહેવારો સંસ્કૃતિની શોભા છે. આપણું સૌભાગ્ય છે કે આખા જગતને ચિરંતન માર્ગદર્શન આપનારી સંસ્કૃતિ અહીં વિકસી... ભારતીય સંસ્કૃતિ અર્થાત્ વેદમાન્ય સંસ્કૃતિ...

દોસ્તો, સંસ્કૃતિ એટલે સમ્યક્ કૃતિ ! ઈશ્વરે નિર્માણ કરેલી અનંત કૃતિઓમાં શ્રેષ્ઠ કૃતિ એટલે મનુષ્ય... જેને ગીતાકાર ભગવાન કૃષ્ણે 'મમૈવાંશ :' કહીને પોતાના અંશ તરીકે બિરદાવ્યો છે. આ મનુષ્ય સદૈવ શ્રેષ્ઠ બની રહે એ માટે આપણા ઋષિ-મુનિઓએ આગવી વિચારપ્રણાલી અને આચારસંહિતા વિકસાવી. જે આપણી સંસ્કૃતિની ઓળખ પામી. ઋષિઓના વિચારો અવનાધિ કાળ મર્યાદામાં સાચવવા સહજ ન હોવાથી એ વિચારસૂત્રો પ્રતીકો તરીકે સચવાયાં ને ઋષિપ્રણિત આચારસંહિતામાં રહેલો ઉપદેશ - બોધ આપણા ઉત્સવો - પર્વો રુપે સચવાયો.

ઘણીવાર આધુનિકતાના ખોટા ખ્યાલે પ્રાચીનત્તમ મૂલ્યો તરફ દુર્લક્ષ્ય સેવીએ છીએ.... પરિણામે સંસ્કૃતિના સારતત્વને સમજ્યાવગર હાંસી ઉડાવીએ છીએ.... શિક્ષિત કે બુદ્ધિમાન તો એ છે જે સારાસારનો વિવેક દાખવી શ્રેષ્ઠતાનો નિ:સંકોચ સ્વીકાર કરે.

ખેર, પતંગ પર્વનો પાવન બોધ ગાંઠે બાંધવા જેવો છે. માનવનું જીવન શ્યામ-શ્વેત પટથી વણાયેલું છે. પ્રકાશનો અંધકાર પર વિજય એટલે પતંગ પર્વ. આજે ભલે તલ ચીકી, ઊંધિયા જલેબી કે પતંગબાજીના હર્ષોલ્લાસમાં સમેટાયો હોય




પણ આ પાવન પર્વનો મહિમા પિછાણવો જરૂરી જ નહીં આવશ્યક પણ છે... તો જ પતંગ પર્વ ઊજવ્યું લેખે લાગે...

મિત્રો, ચંદ્રના આધાર પર મહિનાના ૨ ભાગ છે. કૃષ્ણ અને શુક્લપક્ષ એ જ રીતે સૂર્યના આધાર પર વર્ષના ૨ ભાગ છે ઉત્તરાયણ અને દક્ષિણાયન... આ દિવસથી સૂર્ય ઉત્તરાયણ થઈ જાય એટલે ધરતીનો ઉત્તર ગોળાર્ધ સૂર્ય તરફ વળી જાય છે.... સૂર્ય છ મહિના ઉત્તરાયણ રહે છે. પૃથ્વી પ્રકાશમય રહે છે. ભીષ્મ પિતામહે બાણશૈયા પર રહી મૃત્યુ માટે ઉત્તરાયણની પ્રતીક્ષા કરી હતી. કારણ હિન્દુ ધર્મશાસ્ત્રો મુજબ મકર સંક્રાતિથી દેવતાઓ દિવસ શરૂ થાય છે. આમ, ઉત્તરાયણમાં મૃત્યુની આકાંક્ષા એટલે તેજસ્વી અને પ્રકાશમય મરણની ઝંખના... આ સંક્રાંતિ પર્વ છે. ક્રાંતિ પર્વ નહિ. ક્રાંતિમાં હિંસાનું મહત્વ રહી શખે પરંતુ સંક્રાંતિ એટલે સમજદારીભર્યુ પરિવર્તન. માથું કાપવું નહીં... પણ માથું બદલવું અર્થાત વિચાર પરિવર્તન. પૂ. દાદા તો સંગક્રાંતિ અને સંઘક્રાંતિ રુપે પણ સમજાવે છે. સારાનો સંગ કરીએ. સત્સંગ એ જ જીવનનું ખરું ઔષધ છે. કુસંગથી પતન થાય, અધોગતિ.... ઈતિહાસ સાક્ષી છે... કર્ણ, ધૃતરાષ્ટ્ર, શકુનિ, દુર્યોધન અને દુ:શાસનનો.... છેલ્લે મુક્ત સંગ બની ઉન્નત પથના સ્વામિ થઈએ. બીજું સંઘક્રાંતિ, 'સંઘે શક્તિ કલયુગે' સંઘનિષ્ઠાના પાયામાં પ્રભુનિષ્ઠા ભફળે તો અઘરા કાર્યો પણ સહજ થાય. સંઘમાં ભળેલા લોકો વચ્ચે અરસપરસ સ્નેહપૂર્ણ અને મધુર સંબંધો રહેવા જોઈએ... એ વાતનું સ્મરણ આપણને તલ ગોળના લાડુની આપ-લે કરાવી જાય છે.



## લાગણીનો મેળો

રસિક વાળંદ

વેદમાં સૂર્યનું એક નામ 'પતંગ' પણ છે. આપણો જીવન પતંગ પણ કોઈ અદશ્ય શક્તિ અજ્ઞાત અગાશીમાં ઊભી રહીને ચગાવે છે. વિવિધરંગી કનકવાની જેમ વિશ્વ અકાશે સત્તાધીશો, વિદ્વાનો રુપી પતંગો ચગી રહ્યા છે. સૌએ હંમેશ એ યાદ રાખવું રહ્યાં કે આપણી પદ, પ્રતિષ્ઠા, પાવરની વિજય પતાકા ત્યાં સુધી ફરકતી રહેશે જયાં સુધી દોર સાથે જોડાયેલાં હોઈશું... આ બધું હંમેશ માટે જ રહેવાનું છે. એવા ગુમાનમાં કયારેય ન રાચવું. બસ, સહેજ ને સરળ બની જગમાં વિચરીએ એ જ ઉમદા મનુષ્યની નિશાની છે.

સંક્ષેપમાં આ પતંગ પર્વે સૂર્યનો પ્રકાશ, તલગોળની મીઠાશ અને મનુષ્ય રુપી પતંગનો સૂત્રધાર પરમેશ્વર ઉપરનો વિશ્વાસ જીવનમાં સાકારિત થાય તો જ સાચી સંક્રાંતિ - ઉત્તરાયણ માણીને મનાવી ગણાય!

સ્પર્શમણિ :

**છે એક સરખી જ સામ્યતા પતંગ અને જિંદગીની,**
**ઊંચાઈ પર હોય ત્યાં સુધી જ વાહવાહી થાય...**

● ● ●

**આસાન છે પતંગ બની ઉડવું... અઘરું બહુ છે...**
**કોઈનો દોરો બની સાથ આપવું....!!**

● ● ●

**કયારેક કયારેક હાર એ જીત કરતાં પણ ખૂબ જરૂરી છે, તેનાથી અભિમાન નિયંત્રણમાં રહે છે.**

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949